Gujarati Midday Pg 14 10th Feb 2022

# આઇફોન પર નવું ફીચર: ક્રિપ્ટોકરન્સીના હોલ્ડિંગમાંથી પણ હવે પેમેન્ટ કરી શકાશે

**ઍપલના** સીઈઓએ બુધવારે સવારે કરેલી મહત્ત્વપૂર્ણ જાહેરાતને પગલે ક્રિપ્ટોકરન્સી માર્કેટમાં ફરીથી ગતિવિધિઓ વધી ગઈ છે. બપોરે ફ્લૅટ થઈ ગયેલી માર્કેટ સાંજે ફરી ધમધમતી થઈ ગઈ હતી અને બીટકૉઈનનો ભાવ ૧.૫ ટકાની વૃદ્ધિ સાથે ભાવ ૪૪,૧૬૦ની ઉપર પહોંચી ગયો હતો.

બીટકોઇન માટે મહત્ત્વપૂર્ણ ઠરે એવી બીજી જાહેરાતમાં જેપી મોર્ગને કહ્યું છે કે આ કરન્સીનું ઉચિત મૂલ્ય હાલના તેના બજારભાવ કરતાં ઓછું એટલે કે આશરે ૩૮,૦૦૦ છે. જો બીટકૉઈનમાં વૉલેટિલિટી ઘટશે તો ઉચિત મૂલ્ય વધીને ૫૦,૦૦૦ ડૉલર થઈ જવાનો અંદાજ પણ આ વૈશ્વિક બૅન્કે વ્યક્ત કર્યો છે. જેપી મોર્ગનના સ્ટ્રૅટેજિસ્ટ્સ કહે છે કે એક દિવસ બીટકૉઈનનો ભાવ ૧,૦૦,૦૦૦ ડૉલર કરતાં પણ વધારે થઈ જશે.




સ્ટ્રૅટેજિસ્ટ્સે આની પહેલાં એટલે કે ગત નવેમ્બરમાં બીટકોઈનનું ઉચિત મૂલ્ય ૩૫,૦૦૦ ડૉલર ગણાવ્યું હતું. એ વખતે તેનો માર્કેટ ભાવ ૬૩,૨૮૧ ડૉલર હતો.

ઍપલના સીઈઓ ટિમ કૂકે સ્થાનિક સમય પ્રમાણે બુધવારે સવારે ૭.૨૫ વાગ્યે કરેલી ટ્વીટમાં જણાવ્યું હતું કે ઍપલે આઈફોન પર ટૅપ ટુ પે નામની કૉન્ટેક્ટલેસ પેમેન્ટ સેવા શરૂ કરવાનું આયોજન કર્યું છે. આ સુવિધાની મદદથી આઈફોનનો ઉપયોગ પૉઇન્ટ ઑફ સેલ ડિવાઇસ તરીકે પણ થઈ શકશે. જાણકારો કહે છે કે તેની મદદથી આઈફોનના યુઝર્સ કોઈનબેઝ કાર્ડ, ક્રિપ્ટો ડૉટ કૉમ વિઝા કાર્ડ કે આવાં અન્ય કાર્ડનો ઉપયોગ કરીને પોતાની ક્રિપ્ટોકરન્સીના હોલ્ડિંગમાંથી પેમેન્ટ કરી શકશે. જોકે આ પેમેન્ટ ક્રિપ્ટોકરન્સીમાં નહીં, પણ તેનું ડૉલરમાં રૂપાંતરણ કરીને થઈ શકશે.

અગાઉ ક્રિપ્ટોવાયરે લૉન્ચ કરેલો ક્રિપ્ટોકરન્સીનો વિશ્વનો સર્વપ્રથમ ઈન્ડેક્સ-આઈસી૧૫ બુધવારે બપોરે ૪.૦૦ વાગ્યે ૨૫ પોઈન્ટ (૦.૦૪ ટકા)ના ઘટાડા સાથે ૬૪,૧૬૧ બંધ રહ્યો હતો. ઈન્ડેક્સ ૬૪,૧૮૬ ખૂલ્યા બાદ ઉપરમાં ૬૪,૭૩૦ અને નીચામાં ૬૨,૪૪૮ ગયો હતો.